અપીલ અરજી નં.૩૧૩ તા.૩૦–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ ની તા.૩–૧૧–૦૯ ની અરજીથી પાંડેસરા જી.આઈ.ડી.સીમાં કેટલાક પ્રાઈવેટ બોરીંગ વાળાઓ ધ્વારા કેટલી કંપનીઓમાં પાણી પહોંચાડવામાં આવે છે તે જણાવવા. પાઈપ લાઈન (૨ ઈંચ) ધ્વારા કેટલી કઈ કઈ મિલોમાં પાણી પહોંચાડવામાં આવે છે વિગેરે તપાસ કરી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩૦–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૧૩/૨૦૦૯–૧૦

શ્રી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ ની તા.૩–૧૧–૦૯ ની અરજીથી પાંડેસરા જી.આઈ.ડી.સીમાં કેટલાક પ્રાઈવેટ બોરીંગ વાળાઓ ધ્વારા કેટલી કંપનીઓમાં પાણી પહોંચાડવામાં આવે છે તે જણાવવા. પાઈપ લાઈન (૨ ઈંચ) ધ્વારા કેટલી કઈ કઈ મિલોમાં પાણી પહોંચાડવામાં આવે છે વિગેરે તપાસ કરી માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૧ તા.૫–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ઉધના/આ.નં.૬૧૧૯ તા.૧૫–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને નં.સા.ઝોન/ટેક/૫૧૧૩ તા.૩૦–૧૧–૦૯ ના રોજ આપેલ માહિતીના પત્રની નકલ પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૩–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે માંગવામાં આવેલી માહિતી અરજદારને કોઈ નિર્ણય નહીં મળ્યો હોવાથી નારાજ થઈ તા.૩૦–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પૂરક વિગતોમાં જણાવ્યા અનુસાર સા.ઝોન/ટેક/૫૧૧૩ તા.૩૦–૧૧–૦૯ ના રોજ " પ્રાઈવેટ બોરીંગવાળાએ સુરત મહાનગરપાલિકાના જાહેર રસ્તાઓ ખોદીને ટીપી સ્કીમના રસ્તા પરથી લઈ ડાઈંગ એકમો સુધી પાઈપ લાઈન નાંખવાની પરવાનગી અંગે કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ ૧. રાધિકા પ્રિન્ટસ પ્રા. લી. ૨.મારૂતિ ટેક્ષ્ટાઈલ પ્રા.લિ. ૩. કલરટેક્ષ ઈન્ડ. પ્રા.લિ. ને રૂ.૪,૩૪,૦૧૫/– રસ્તા ખોદાણ ચાર્જ વસુલ લઈ રસ્તા ખોદાણની પરવાનગી આપવામાં આવેલ છે. " તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. તે ડીસ્પેચ કર્યા અંગેના કોઈ પુરાવા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે પરંતુ અરજદારે અપીલમાં માહિતી નહી મળ્યાની રજૂઆત કરેલ હોય અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક./૫૧૧૩ તા.૩૦–૧૧–૦૯ ની નકલ પુનઃ મોકલવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજીમાંની "તપાસ કરીને માહિતી " પૂરી પાડવાની રજૂઆત આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા(જે) ની દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ સાથે સુસંગત ન હોઈ તે અંગે અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી. તેટલે અંશે અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ,જગતનારાયણ શર્મા